P.07

કેટરિના કૈફને ત્યાં પણ પુત્ર જન્મ, બોલીવૂડમાં વધામણીનો વરસાદ



# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

P.07

રશ્મિકા મંદાના અને વિજયના લગ્ન કન્ફર્મ! અભિનેત્રીએ કહ્યું - એમના માટે ગોળી ખાવા તૈયાર!



તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૯૬ । વિક્રમ સંવત ૨૦૮૨ : કારતક વદ ૦૬ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 96 • Dt.11-11-2025 Tuesday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125


સરકાર બંધ થવાથી અમેરિકામાં પરિસ્થિતિ વધુ ખરાબ થઈ રહી છે, સુપ્રીમે કટોકટીનો આદેશ જારી કર્યો છે 07




11 NOVEMBER- 2025 TUESDAY




07 પેસિફિક મહાસાગરમાં ચાલી રહેલા તણાવ વચ્ચે ચીને ત્રીજું એરક્રાફ્ટ્ કેરિયર 'ફુજિયાન' તૈયાર કર્યું

**શહેર કે જિલ્લામાં પ્રવેશતા વાહનોની સઘન તપાસ**

## દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતાં ભાગદોડ થઈ ગઈ

# દિલ્હીમાં બ્લાસ્ટ બાદ ગુજરાત રાજ્યમાં હાઈએલર્ટ

### દિલ્હીમાં હાઇએલર્ટ જાહેર કરી દેવાયું । ત્યારે બ્લાસ્ટની ઘટના બાદ ગુજરાત, મુંબઈ અને યુપીમાં પણ એલર્ટ જાહેર કરાયું । જેમાં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ગોઠવી દેવામાં આવી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૧૦ ।

દિલ્હીમાં લાલ કિલ્લા મેટ્રો સ્ટેશનના ગેટ નંબર-૧ પાસે એક કારમાં ભયાનક વિસ્ફોટ થતાં ભાગદોડ થઈ ગઈ છે. ભયંકર વિસ્ફોટ થતાં કારમાં ભીષણ આગ લાગી હતી. દિલ્હીમાં બ્લાસ્ટને લઈને આઠ લોકોના મોત થયા હોવાનું સામે આવ્યું છે. ઘટનાને પગલે ફાયર બ્રિગેડ અને પોલીસ ઘટનાસ્થળે દોડી પહોંચીને આગળની કાર્યવાહી હાથ ધરી છે. દિલ્હીમાં હાઈએલર્ટ જાહેર કરી દેવાયું છે, ત્યારે બ્લાસ્ટની ઘટના બાદ ગુજરાત, મુંબઈ અને યુપીમાં પણ એલર્ટ જાહેર કરાયું છે. જેમાં સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ગોઠવી દેવામાં આવી છે. દિલ્હીમાં કારમાં થયેલા બ્લાસ્ટ બાદ ગુજરાતના અમદાવાદ, ગાંધીનગર સહિતના મોટા શહેરોમાં પોલીસ એલર્ટ થઈ ગઈ છે. જેમાં અમદાવાદ શહેરના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ ચેકિંગ હાથ ધરાશે. ભીડભાડવાળી જગ્યાએ પોલીસ તપાસ હાથ ધરશે. દિલ્હીમાં બ્લાસ્ટની ઘટનાની જાણકારી મળતાની સાથે ભારત પર્વ એકતા નગર, નર્મદા ખાતે આવેલા દિલ્હી ટુરિઝમ મંત્રી કપિલ મિશ્રા અને દિલ્હી લેફટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના કાર્યક્રમ છોડીને તાત્કાલિક દિલ્હી જવા રવાના થયા છે.ગુજરાતના ડિરેક્ટર જનરલ ઓફ પોલીસએ ગુજરાતભરના તમામ પોલીસ કમિશનરો અને જિલ્લા અધિક્ષકોને તેમના સંબંધિત અધિકારક્ષેત્રોમાં સતર્કતા વધારવા અને સુરક્ષા પગલાં વધારવાનો નિર્દેશ આપ્યો છે.



સાવચેતીના પ્રોટોકોલના ભાગરૂપે જારી કરાયેલ આ એલર્ટમાં, તમામ શહેરો અને જિલ્લાઓના પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળો પર, ખાસ કરીને મુખ્ય શહેરી કેન્દ્રો અને સરહદી પ્રદેશોમાં સઘન ચેકિંગનો નિર્દેશ આપવામાં આવ્યો છે. પોલીસ ટીમોને જાહેર સલામતી અને દૃશ્યતા જાળવવા માટે નાકાબંધી, વાહન નિરીક્ષણ અને પેટ્રોલિંગ વધારવાનું કહેવામાં આવ્યું છે.દિલ્હીમાં કારમાં બ્લાસ્ટ બાદ મુંબઈ પોલીસ એક્ટિવ થઈ ગઈ છે. મુંબઈના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસ પેટ્રોલિંગ અને બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. જેમાં રેલવે સ્ટેશન, ધાર્મિક સ્થળો અને જાહેર જગ્યાએ પોલીસની ટીમ તૈનાત કરી દેવામાં આવી છે.

**જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો**

# જામનગર જીલ્લાના ૧૫૪ જેટલા રેડ ઝોન - યલો ઝોન વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા ઉપર પ્રતિબંધ

। પ્રતિનિધિ,જામનગર, તા.૧૦ ।

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. જામનગર જિલ્લાની હદમાં મીલીટરી સ્ટેશન, એરફોર્સ સ્ટેશન, જામનગર તથા સમાણા, આઈએનએસ વાલસુરા, એશીયાની સૌથી મોટી ઓઈલ રીફાઈનરી, થર્મલ પાવર સ્ટેશન સિક્કા, જી.એસ.એફ.સી. તથા અન્ય મોટા ઔદ્યોગિક એકમો જેવા સંવેદનશીલ વાઈટલ ઈન્સ્ટોલેશન્સ આવેલ છે.

જામનગર જિલ્લા વિસ્તારમાં આવેલ કુલ-૧૫૪ ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સને રેડ ઝોન કે યલો ઝોનમાં વિભાજીત કરેલ છે જે પૈકી રેડ ઝોનમાં ૧૧૨ તથા યલો ઝોનમાં ૪૨ ઈન્સ્ટોલેશન્સ આવેલા છે.

આથી અધિક જીલ્લા મેજીસ્ટ્રેટ બી.એન.ખેર દ્વારા જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે, જે મુજબ જામનગર મહાનગરપાલિકા સહિતના સમગ્ર જામનગર જીલ્લાના રેડઝોન અને યલો ઝોન જાહેર કરાયેલા વિસ્તારોમાં ડ્રોન ઉડાડવા પર પ્રતિબંધ રહેશે. આગામી તા.૦૮-૧૨-૨૦૨૫ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે.

આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.

જામનગર જિલ્લો ભારતની પશ્ચિમ આંતરરાષ્ટ્રીય દરીયાઈ સીમાએ આવેલ અતિ-સંવેદનશીલ જિલ્લો છે. આગામી તા.૦૮-૧૨-૨૦૨૫ સુધી આ જાહેરનામું અમલમાં રહેશે. આ જાહેરનામાંનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.


વીજળીના બિલને કરો (0)

Since 2013
Navkalp SOLAR
it's time to save

નેશનલ પોર્ટલ રૂફટોપ સબસીડી મળવા પાત્ર









ગુજરાત ની અગ્રણી રેસીડેન્શીયલ INDUSTRIAL સોલાર રૂફટોપ કંપની

Help Line
+91 93 77 51 77 52

શ્રી ઉત્તર દશક્રોઈ કડવા પાટીદાર એજ્યુકેશન કેમ્પસ સંચાલિત
કમલા અમૃત ઈન્સ્ટીટ્યુટ ઓફ નર્સિંગ, ગાંધીનગર
*Approved by Govt. Of Gujarat, Gujarat Nursing Council & Affiliated to Gujarat University*

KAMLA AMRUT INSTITUTE OF NURSING

પ્રવેશ પ્રક્રિયા પ્રારંભ ૨૦૨૩-૨૪





B.Sc. Nursing
૪ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ સાયન્સ પાસ
(PCB + ENGLISH)

P.B.B.Sc. Nursing
Post basic B.Sc. University
૨ વર્ષનો કોર્ષ
G.N.M. પાસ

GNM
General Nursing and Midwifery
૩ વર્ષનો કોર્ષ
ધોરણ-૧૦ + ૨ પાસ (કોઈપણ સ્ટ્રીમ) અને અંગ્રેજી

ઉપલબ્ધ સુવિધાઓ

- ૧૦૦ બેડની પોતાની પેરેન્ટ હોસ્પિટલ
- અનુભવી સ્ટાફ દ્વારા ગુણવત્તાયુક્ત શિક્ષણ
- અત્યાધુનિક લેબોરેટરી અને લાયબ્રેરી
- સ્માર્ટ કલાસરૂમ
- ટ્રાન્સપોર્ટેશન માટે બસની સુવિધા
- હોસ્ટેલની સુવિધા
- એ.સી. મલ્ટીપરપઝ ઓડિટોરીયમ
- SC/ST ની કેટેગરીના વિદ્યાર્થીઓ માટે સ્કોલરશીપની સુવિધા

9638358158, 7567020200, 9313304367

## કડીના ભવપુરા ગામમાં મકાનની દિવાલ ધરાશાયીઃ ૭ શ્રમિક દટાયા

| પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૦ |

મહેસાણા જિલ્લાના કડી શહેરના ભવપુરા વિસ્તારમાં એક દુર્ઘટના સર્જાઈ હતી. મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે બાજુના એક જર્જરિત મકાનની દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં દીવાલના કાટમાળ નીચે ૭ શ્રમિકો દટાયા હતા. એકનું કમનસીબે મૃત્યુ થયું છે, જ્યારે અન્ય ૬ શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા.મળતી માહિતી અનુસાર, બનાવની જાણ થતાં જ ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. સ્થાનિક લોકોએ તાત્કાલિક બચાવ કામગીરી શરૂ કરી હતી અને કાટમાળ નીચે દબાયેલા તમામ ૭ શ્રમિકોને બહાર કાઢવામાં આવ્યા હતા. તમામ ઈજાગ્રસ્ત શ્રમિકોને તાત્કાલિક સારવાર માટે ભાગ્યોદય હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.હોસ્પિટલમાં ડોક્ટરોએ ઘાયલોની સારવાર શરૂ કરી હતી, પરંતુ કમનસીબે ૭ મજૂરો પૈકી એક શ્રમિકને ડોક્ટરોએ મૃત જાહેર કર્યો હતો. મૃતક મજૂરની ઓળખ કડીના લક્ષ્મીપુરામાં રહેતા ઠાકોર જગદીશજી અભુજી (ઉંમર ૩૨ વર્ષ) તરીકે થઈ છે. જ્યારે રમેશ પ્રજાપતિ, વિપુલ પ્રજાપતિ, સુરેશ ઠાકોર, શૈલેષભાઈ ઠાકોર, ચમનભાઈ ઠાકોર અને વિજયજી ઠાકોરની સારવાર ચાલી રહી છે, જેમાંથી બે મજૂરોની હાલત ગંભીર હોવાનું જાણવા મળી રહ્યું છે. બાકીના મજૂરોને પણ ઈજાઓ પહોંચી છે.કડી પોલીસે આ ઘટના અંગે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે અને દુર્ઘટના કયા સંજોગોમાં થઈ તેની તપાસ શરૂ કરી છે. મૃતક મજૂરના પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. મહેસાણા જિલ્લાના કડી શહેરના ભવપુરા વિસ્તારમાં એક દુર્ઘટના સર્જાઈ હતી. મકાનનું બાંધકામ ચાલી રહ્યું હતું ત્યારે બાજુના એક જર્જરિત મકાનની દીવાલ અચાનક ધરાશાયી થઈ હતી. આ દુર્ઘટનામાં દીવાલના કાટમાળ નીચે ૭ શ્રમિકો દટાયા હતા. એકનું કમનસીબે મૃત્યુ થયું છે, જ્યારે અન્ય ૬ શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હતા.બનાવની જાણ થતાં જ ઘટનાસ્થળે અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

### બરોડા ડેરીના કાર્યક્રમમાં વિવાદ

# નેતાઓના સ્ટેજ સામે જ નાના બાળકો પાસે છાશનું વિતરણ કરાવાયું

### નેતાઓના મંડપ (સ્ટેજ)થી માત્ર ૫૦ મીટરના અંતરે જ એક નાનો સ્ટોલ બનાવવામાં આવ્યો હતો

| પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૧૦ |

છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે બરોડા ડેરી દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ વિવાદમાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાજકીય અગ્રણીઓની હાજરી વચ્ચે જ નાના ભૂલકાઓ પાસે લાંબા સમય સુધી છાશ વિતરણનું કામ કરાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેને કારણે બરોડા ડેરીના સત્તાધીશોની કામગીરી પર સવાલો ઊઠ્યા છે.નસવાડીમાં યોજાયેલા આ સ્નેહમિલન કાર્યક્રમમાં છોટાઉદેપુર લોકસભાના સાંસદ જસુભાઈ રાઠવા, સંખેડા વિધાનસભાના ધારાસભ્ય અભેસિંહ તડવી, બરોડા ડેરીના પ્રમુખ દિનેશ પટેલ અને ડેરીના સદસ્યો સહિત દૂધ મંડળીના પ્રમુખો અને પશુપાલકો મોટી સંખ્યામાં હાજર હતા. નેતાઓના મંડપ (સ્ટેજ)થી માત્ર ૫૦ મીટરના અંતરે જ એક નાનો સ્ટોલ બનાવવામાં આવ્યો હતો. આ સ્ટોલ પર ત્રણ જેટલા નાના બાળકો બરોડા ડેરીની છાશનું વિતરણ ત્રણ કલાક સુધી સતત કરતા રહ્યા હતા. આ ઘટના ડેરીના સત્તાધીશોની બેદરકારીનો 'વરવો નમૂનો' ગણાય છે, જ્યાં વિશાળ જનમેદની અને મંચ પર હાજર નેતાઓ સામે જ નાના ભૂલકાઓ પાસે કામ કરાવવામાં આવ્યું હતું.આ વિવાદ અંગે જ્યારે બરોડા ડેરીના પ્રમુખ દિનેશ પટેલનો સંપર્ક કરવામાં



આવ્યો, ત્યારે તેમણે જવાબ આપીને છટકવાનો પ્રયાસ કર્યો હતો. તેમણે કહ્યું કે, 'બાળકો છાશનું વિતરણ કરતા હતા તેની મને કોઈ જાણ નથી. અમે બાળકોને કામે લગાડ્યા નથી.' જો કે, નેતાઓ અને ડેરીના પ્રમુખની નજર સામે જ બાળકો કામ કરી રહ્યા હતા તેવા સ્પષ્ટ દ્રશ્યો સામે આવતા, પ્રમુખનો આ ગોળગોળ જવાબ સ્વીકાર્ય નથી તેવું સ્થાનિક લોકો માની રહ્યા છે. આ ઘટના બાળ શ્રમ અને કાર્યક્રમના સંચાલન પર ગંભીર સવાલો ઊભા કરે છે.છોટાઉદેપુર જિલ્લાના નસવાડી ખાતે બરોડા ડેરી દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમ વિવાદમાં આવ્યો છે. આ કાર્યક્રમમાં રાજકીય અગ્રણીઓની હાજરી વચ્ચે જ નાના ભૂલકાઓ પાસે લાંબા સમય સુધી છાશ વિતરણનું કામ કરાવવામાં આવ્યું હોવાનું સામે આવ્યું છે, જેને કારણે બરોડા ડેરીના સત્તાધીશોની કામગીરી પર સવાલો ઊઠ્યા છે. નેતાઓના મંડપ (સ્ટેજ)થી માત્ર ૫૦ મીટરના અંતરે જ એક નાનો સ્ટોલ બનાવવામાં આવ્યો હતો.

## સાણંદના મોરૈયા ગામમાં ભાડે રહેતા યુવકની હત્યા,પેટ અને ગળામાં ગંભીર છરાના ઘા હતા

| પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ |

સાણંદ તાલુકાના મોરૈયા ગામના મંગલમ શોપિંગ સેન્ટરમાં એક યુવાનની પેટ અને કમરમાં તીક્ષ્ણ હથિયાર વડે ઘા ઝીંકીને હત્યા કરવામાં આવી હતી. ચાંગોદર પોલીસને ઘટનાની માહિતી મળતા જ, ડીએસપી સહિત પોલીસ કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા અને તપાસ શરૂ કરી હતી.માહિતી અનુસાર, અમરનાથ ધીસાભાઈ નાઈ તેમના ભત્રીજા અશોક કુમાર ચેદી લાલ શર્મા સાથે રહેતા હતા અને લલિત હેર કટિંગ સલૂન નામની દુકાન ચલાવીને પોતાનું ગુજરાન ચલાવતા હતા.૯ તારીખે રાત્રે ૮ વાગ્યે, તેઓ તેમની દુકાન છોડીને તેમના ભત્રીજાને કેસર સિટી જવાનું કહ્યું. ત્યારબાદ, તેમના ભત્રીજા અશોક કુમારે રાત્રે ૧૨ વાગ્યાની આસપાસ દુકાન બંધ કરી અને તેમના રૂમમાં ગયા. જ્યારે તેમના કાકા અમરનાથ પાછા ન ફર્યા, અને ગેલેરીનો દરવાજો ખોલીને તપાસ કરવામાં આવી, ત્યારે અમરનાથનો મૃતદેહ લોહીથી લથપથ હાલતમાં મળી આવ્યો અને તેમના પેટ અને ગળામાં ગંભીર છરાના ઘા હતા. ત્યારબાદ અશોક કુમારે નીચે કરિયાણાની દુકાનના સીસીટીવી કેમેરા તપાસ્યા અને જોયું કે સાવરિયા હેર સલૂન ચલાવતા રમેશ ભાઈ તેલી ના ભત્રીજા બંસીલાલ મહેરા રાત્રે ૧૧ વાગ્યે તેમની સાથે અમરનાથના રૂમમાં ગયા હતા,

## હિંમતનગરમાં ઊંચા વ્યાજે રોકાણના નામે ૧.૪૪ કરોડથી વધુ રૂપિયાની છેતરપિંડી

| પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૦ |

૩૬ રોકાણકારો પોન્ઝી સ્કીમનો ભોગ બન્યાસાબરકાંઠાના હિંમતનગરમાં પોન્ઝી સ્કીમ દ્વારા કરોડો રૂપિયાની છેતરપિંડી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. જેમાં અલગ-અલગ ક્રિપ્ટોક-રન્સીમાં રોકાણ કરવાનું કહીને હિંમતનગરમાં ૩૬ જેટલાં લોકોને છેતરવામાં આવ્યા હોવાની હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. સમગ્ર મામલે પોલીસે શહેરમાં ધ બીગબુલ ફેમિલી નામની પોન્ઝી સ્કીમ ચલાવતા સંચાલક સહિતના લોકો સામે ગુનો નોંધીને એક મહિલા સહિત બે આરોપીની ધરપકડ કરી છે. પોલીસે રોકાણકારોના નિવેદનો નોંધીને આગળની કાર્યવાહી હાથ ધરી છે.રાજ્યમાં પોન્ઝી સ્કીમોનો જાણે રાફડો ફાટ્યો હોય એમ એક બાદ એક પોન્ઝી સ્કીમોની ઘટના સામે આવી રહી છે. તેવામાં હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ધ બીગબુલ ફેમિલીના સંચાલક સહિત બે લોકો સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. પોલીસ ફરિયાદ મુજબ, આરોપીઓ દ્વારા બેંકો અને નાણાકીય સંસ્થાઓ કરતાં ઊંચું વ્યાજ આપવાની લોભામણી જાહેરાતો કરીને ૩૬ જેટલાં રોકાણકારો પાસેથી ૧.૪૪ કરોડથી વધુ રૂપિયાનું રોકાણ કરાવ્યું હોવાનું સામે આવ્યું છે. આરોપીઓએ રોકાણકારોને મૂડી અથવા વળતર ન ચૂકવી છેતરપિંડી આચરી હોવાનું ભોગ બનનારા લોકોને ખ્યાલ આવતા સમગ્ર મામલે પોલીસ ફરિયાદ નોંધાવી હતી.સમગ્ર મામલે પોલીસે રોકાણકારોના નિવેદન નોંધ્યા છે અને પોન્ઝી સ્કીમ થકી છેતરપિંડી કરનારા ૬ આરોપીઓ સામે ફરિયાદ નોંધવામાં આવી છે. પોલીસ દ્વારા ધરપકડ કરાયેલા બે આરોપીની પૂછપરછ હાથ ધરવામાં આવી છે.

### ટીયરગેસના ૩ છોડીને ટોળાને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો

# ગીરસોમનાથમાં પોલીસ પર પથ્થરમારોઃ ગેરકાયદે ધાર્મિક બાંધકામના ડિમોલિશન સમયે બની ઘટના | સ્થિતિ કાબૂમાં

| પ્રતિનિધિ, ગીર સોમનાથ,તા.૧૦ |

ગીર સોમનાથમાં સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ કરાયેલા ધાર્મિક સ્થળની ડિમોલિશનની કામગીરી દરમિયાન પોલીસ પર પથ્થરમારો કરાયો હોવાની ઘટના સામે આવી છે. ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતાં પોલીસે લાઠીચાર્જ કર્યો અને ટીયરગેસના ૩ છોડીને ટોળાને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો.

મળતી માહિતી મુજબ, ગીર સોમનાથના પ્રભાસપાટણ ખાતે ગેરકાયદે બાંધકામ કરાયેલા ધાર્મિક સ્થળ પરના દબાણને દૂર કરવા માટે તંત્રએ આજે સોમવારે (૧૦ નવેમ્બર) ડિમોલિશનની કામગીરી હાથ ધરી હતી. જોકે, આ દરમિયાન મહિલા સહિતના અનેક લોકોનું ટોળુ એકઠું થઈ ગયું હતું. તેવામાં ટોળાએ પોલીસ



પર પથ્થરમારો કરતાં સ્થિતિ બેકાબૂ બની હતી. આ દરમિયાન પોલીસે ટીયરગેસ છોડ્યા અને લાઠીચાર્જ કરીને ટોળાને વિખેર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર, હાલ સ્થિતિમાં કાબૂમાં છે અને ઘટનાસ્થળે પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે.જીँએ જણાવ્યું હતું કે, 'પ્રભાસ પાટણ પોલીસ સ્ટેશન વિસ્તારના ગૂડલક સર્કલ પાસે સોમનાથ મંદિર નજીક દુકાનો, મકાનો અને ધાર્મિક સ્થળ પરના દબાણો હટાવવાની કામગીરી હાથ ધરી હતી. કોઈ અફવામાં ન આવે અને ગેરકાયદે પ્રવૃત્તિમાં ન જોડાવવા લોકોને અપીલ.'

ગીર સોમનાથમાં સરકારી જમીન પર ગેરકાયદે બાંધકામ કરાયેલા ધાર્મિક સ્થળની ડિમોલિશનની કામગીરી દરમિયાન પોલીસ પર પથ્થરમારો કરાયો હોવાની ઘટના સામે આવી છે. ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતાં પોલીસે લાઠીચાર્જ કર્યો અને ટીયરગેસના ૩ છોડીને ટોળાને વિખેરવાનો પ્રયાસ કર્યો હતો.

મળતી માહિતી મુજબ, ગીર સોમનાથના પ્રભાસપાટણ ખાતે ગેરકાયદે બાંધકામ કરાયેલા ધાર્મિક સ્થળ પરના દબાણને દૂર કરવા માટે તંત્રએ આજે સોમવારે (૧૦ નવેમ્બર) ડિમોલિશનની કામગીરી હાથ ધરી હતી. જોકે, આ દરમિયાન મહિલા સહિતના અનેક લોકોનું ટોળુ એકઠું થઈ ગયું હતું. તેવામાં ટોળાએ પોલીસ પર પથ્થરમારો કરતાં સ્થિતિ બેકાબૂ બની હતી. આ દરમિયાન પોલીસે ટીયરગેસ છોડ્યા અને લાઠીચાર્જ કરીને ટોળાને વિખેર્યું હતું.

## વડોદરાના હરણી સ્કલ્પચર પાર્કમાં બાળકો માટે નવી રમતોની સુવિધા

| પ્રતિનિધિ, વડોદરા, તા.૧૦ |

વડોદરાના હરણી સ્કલ્પચર પાર્કમાં બાળકો માટે નવી રમતોની સુવિધાહરણી સ્કલ્પચર પાર્કમાં બાળકોના આનંદ અને શારીરિક વિકાસ માટે આધુનિક રમતગમતના સાધનો સાથે નાગરિકોના સ્વાસ્થ્ય માટે ઓપન જીમ સહિતની સુવિધા ઉભી કરાશે. હરણી સ્કલ્પચર પાર્કમાં બાળકોના મનોરંજન માટે રમત-ગમતના સાધનોમાં વધારો કરાશે. બાળકો માટે ખાસ કરીને : ઝૂલો, લપસણી, મેટલ પ્લેટફોર્મ મેરી ગો રાઉન્ડ, મલ્ટિસિટર શી શો, જેવા સાધનો લગાડવામાં આવશે. સાથે એક નવીન અને અધ્યતન "મલ્ટી પ્લે સ્ટેશન" લગાડવાનું આયોજન છે. આ એક જ સાધનમાં સ્પાઈરલ સાઈડર, કર્વ સાઈડર, રોટો ટનલ, બ્રીજ, રોક ક્લાઈમ્બર અને બેંચનો સમાવેશ થાય છે. જે બાળકોના શારીરિક વિકાસ સાથે તેમના આનંદમાં પણ વધારો કરશે. આ ઉપરાંત નાગરિકો માટે ઓપન જીમની સુવિધા મળી રહે અને પાર્કની મુલાકાત લેતા નાગરિકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે હેતુથી કસરત માટે એરિઅલ સ્ટ્રોલર, એરો રાઈડર, સાયકલ, સીટેડ એન્ડ સ્ટેન્ડીંગ ટ્વિસ્ટર, એ.બી.એસ. બોર્ડ, પુસઅપ બાર અને પુલ અપ સ્ટેશન વગેરે સાધનો ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે. સાધનમાં સ્પાઈરલ સાઈડર, કર્વ સાઈડર, રોટો ટનલ, બ્રીજ, રોક ક્લાઈમ્બર અને બેંચનો સમાવેશ થાય છે.



### ૧લી ડિસેમ્બરથી ૧૦૦૦ બહેનોની ભૂખ હડતાળનું એલાન કર્યું

# અમદાવાદના રિવરફ્રન્ટ ઉપર શ્રમિક આક્રોશ રેલી : પડતર પ્રશ્નોના ઉકેલની માગ સાથે ભારતીય મજદૂર સંઘના કાર્યકરોનો હુંકાર

**ભારતીય મજદૂર સંઘ સાથે જોડાયેલાં ૧૬૧ યુનિયનો અને મહાસંઘના હજારો કાર્યકરો બહોળી સંખ્યામાં 'ભારત માતા કી જય' ના નારા સાથે ઉમટી પડ્યા હતા**






। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૦ ।

પોતાના લાંબા સમયથી પડતર પ્રશ્નો અને માંગણીઓના ઉકેલ માટે આજે ભારતીય મજદૂર સંઘ (BMS) ના નેજા હેઠળ અમદાવાદના રિવરફ્રન્ટ ખાતે વિશાળ 'શ્રમિક આક્રોશ રેલી'નું આયોજન કરવામાં આવ્યું હતું. ભારતીય મજદૂર સંઘ સાથે જોડાયેલાં ૧૬૧ યુનિયનો અને મહાસંઘના હજારો કાર્યકરો બહોળી સંખ્યામાં 'ભારત માતા કી જય' ના નારા સાથે ઉમટી પડ્યા હતા અને સરકાર સામે ઉગ્ર દેખાવો કર્યા હતા. બીજી તરફ, પગાર વધારા મુદ્દે હાઈકોર્ટના આદેશનું પાલન ન થતાં આંગણવાડી બહેનોએ પણ આંદોલન ઉગ્ર બનાવ્યું છે અને આગામી ૧લી ડિસેમ્બરથી ૧૦૦૦ બહેનોની ભૂખ હડતાળનું એલાન કર્યું છે. વિવિધ યુનિયનો પોતપોતાના કર્મચારીઓ સાથે નાની-નાની રેલી સ્વરૂપે રિવરફ્રન્ટ પર પહોંચ્યા હતા, જ્યાં આ તમામ રેલીઓ એક મહાસંમેલનમાં ફેરવાઈ હતી. દરેક સંગઠને પોતાના પડતર પ્રશ્નોને લઈને સરકારની નીતિઓ સામે આક્રોશ વ્યક્ત કર્યો હતો.ભારતીય મજદૂર સંઘના પ્રદેશ ઉપાધ્યક્ષ રાજેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, શ્રમિકોના વિવિધ પ્રશ્નોને લઈને કુલ ૧૪ પ્રકારના આવેદનપત્રો તૈયાર કરવામાં આવ્યા છે. આ તમામ આવેદનપત્રો આજે સાંજે મુખ્યમંત્રી સહિત રાજ્યના તમામ મંત્રીઓને સુપરત કરવામાં આવશે. તેમણે સ્પષ્ટ ચેતવણી ઉચ્ચારતા કહ્યું કે, 'જો સરકારની આંખ નહીં ખૂલે અને અમારા પ્રશ્નોનું નિરાકરણ નહીં આવે, તો આગામી સમયમાં શ્રમિકોનો આ આક્રોશ પરાકાષ્ઠાએ જશે.'

ભારતીય મજદૂર સંઘે જણાવ્યું કે, આશા વર્કરો, એસટી કર્મચારીઓ, બાંધકામ શ્રમિકો અને અન્ય ક્ષેત્રોના કામદારોના પ્રશ્નોનું નિરાકરણ ન આવતાં આ 'આક્રોશ રેલી' યોજવામાં આવી છે. આ રેલીમાં રાજ્યભરમાંથી હજારો કર્મચારીઓ અને શ્રમિકો ઉમટી પડ્યા છે.

વિશાળ જનમેદનીને ધ્યાનમાં રાખીને અમદાવાદ ટ્રાફિક પોલીસ દ્વારા વાડજ સ્મશાનગૃહથી માંડીને આંબેડકર બ્રિજ સુધીનો રિવરફ્રન્ટનો માર્ગ વાહન વ્યવહાર માટે સંપૂર્ણપણે બંધ કરવામાં આવ્યો છે અને વૈકલ્પિક માર્ગો પર ડાયવર્ઝન આપવામાં આવ્યું છે.આંગણવાડી બહેનોનો મુદ્દો પણ ચરમસીમાએ પહોંચ્યો છે. તાજેતરમાં અમદાવાદમાં મેમ્કો સર્કલ નજીક વીર સાવરકર રમત ગમત સંકુલમાં મોટી સંખ્યામાં બહેનોએ એકઠા થઈ સરકાર વિરોધી સૂત્રોચ્ચાર કર્યા હતા. પડતર માંગણીઓને લઈને આંગણવાડી બહેનો રસ્તા પર ઉતરી હતી. અમદાવાદમાં મેમ્કો સર્કલ નજીક વીર સાવરકર રમત ગમત સંકુલના મેદાનમાં આંગણવાડી બહેનોએ સરકારવિરોધમાં સૂત્રોચ્ચાર કરીને વિરોધ પ્રદર્શન કર્યુ હતું. એટલુ જ નહીં, ૧લી ડિસેમ્બરથી એક હજાર આંગણવાડી બહેનો ભૂખ હડતાલ ઉતરવા એલાન કર્યુ છે.ગુજરાત હાઈકોર્ટે વર્ષ ૨૦૨૪ ઓગસ્ટ મહિનામાં આંગણવાડી વર્કરોને રૂા.૨૪,૮૦૦ તથા હેલ્પરને રૂા.૨૦,૩૦૦ વેતન આપવા આદેશ કર્યો હતો.

### ગોંડલના પોલીસ સ્ટેશનમાં સરન્ડર કર્યું

# મહિનાઓથી ફરાર રાજદીપ સિંહ જાડેજાનું પોલીસ સમક્ષ સરન્ડર, અમિત ખૂંટ આપઘાત કેસમાં છે

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૦ ।

અમિત ખૂંટ આપઘાત કેસમાં આરોપી રાજદીપ સિંહ જાડેજાએ આજે ગોંડલના પોલીસ સ્ટેશનમાં સરન્ડર કર્યું છે. રાજદીપ છેલ્લા છ મહિનાથી ફરાર ચાલી રહ્યો હતો. અગાઉ રાજદીપના પિતા તથા કેસના મુખ્ય આરોપી અનિરુદ્ધ સિંહ જાડેજાએ પણ સરન્ડર કર્યું હતું. પોલીસ રાજદીપ સિંહની ધરપકડ કરી, રિમાન્ડની માંગ સાથે કોર્ટ સમક્ષ રજૂ કરે તેવી શક્યતા છે. અમિત ખૂંટ આપઘાત કેસમાં મૃતકની સુસાઈડ નોટમાં બંને પિતા પુત્ર અનિરુદ્ધ સિંહ જાડેજા તથા રાજદીપ સિંહ જાડેજાના નામનો ઉલ્લેખ હતો. જે બાદ પોલીસે બંને વિરુદ્ધ કેસ દાખલ કરી તપાસ હાથ ધરી હતી. જોકે તે બાદથી જ બંને પિતા પુત્ર ફરાર ચાલી રહ્યા હતા. પહેલા પિતા અને હવે પુત્રએ પણ સરન્ડર કર્યું છે.

નોંધનીય છે કે કેસ દાખલ થયા બાદ અનિરુદ્ધ સિંહ જાડેજા અને રાજદીપ સિંહ જાડેજાએ બચવા માટે ગુજરાત હાઈકોર્ટ અને સુપ્રીમ કોર્ટમાં પણ જામીન માટે અરજી કરી હતી. જોકે બંને અદાલતમાંથી કોઈ રાહત મળી નહોતી. અમિત ખૂંટ આપઘાત કેસમાં આરોપી રાજદીપ સિંહ જાડેજાએ આજે ગોંડલના પોલીસ સ્ટેશનમાં સરન્ડર કર્યું છે. રાજદીપ છેલ્લા છ મહિનાથી ફરાર ચાલી રહ્યો હતો. અગાઉ રાજદીપના પિતા તથા કેસના મુખ્ય આરોપી અનિરુદ્ધ સિંહ જાડેજાએ પણ સરન્ડર કર્યું હતું.

## ઓખા બંદરેથી રવાના થયેલ ભારતીય માછીમારી બોટનુ પાકિસ્તાન મરીન સેક્યુરિટી એનજસી દ્વારા અપહરણ


। પ્રતિનિધિ, દ્વારકા, તા.૧૦ ।

પાકિસ્તાને માછીમારી માટે પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ ભારતીય બોટનું અપહરણ કર્યું હતું. જેમાં ૮ માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. પાકિસ્તાની મરીન એજન્સીએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક આઠ માછીમારો સાથેની એક ભારતીય બોટનું અપહરણ કર્યું હતું.સૂત્રોએ જણાવ્યું હતું કે નાર નારાયણ નામની બોટ ૨૫ ઓક્ટોબરના રોજ માછીમારી માટે નીકળી હતી અને તે નો-ફિશિંગ ઝોનમાં પ્રવેશી હતી, જેના કારણે તેમની ધરપકડ કરવામાં આવી હતી. અટકાયત કરાયેલા આઠ માછીમારોમાંથી સાત ગુજરાતના છે અને એક મહારાષ્ટ્રનો છે. પાકિસ્તાને માછીમારી માટે પ્રતિબંધિત ક્ષેત્રમાં પ્રવેશ્યા બાદ ભારતીય બોટનું અપહરણ કર્યું હતું. જેમાં ૮ માછીમારોની ધરપકડ કરવામાં આવી હતી. પાકિસ્તાની મરીન એજન્સીએ આંતરરાષ્ટ્રીય દરિયાઈ સીમા રેખા નજીક આઠ માછીમારો સાથેની એક ભારતીય બોટનું અપહરણ કર્યું હતું.સૂત્રોએ જણાવ્યું હતું કે નાર નારાયણ નામની બોટ ૨૫ ઓક્ટોબરના રોજ માછીમારી માટે નીકળી હતી.

## પ્રિ-વેડિંગ શૂટના ચક્કરમાં યુવતીનો લેવાયો ભોગ, જોરદાર મોજું સમુદ્રમાં ખેંચી ગયાના કલાકો બાદ પણ ભાળ નથી મળી

। પ્રતિનિધિ, ગીર સોમનાથ, તા.૧૦ ।

વેરાવળના આદ્રી ગામના દરિયા કિનારે લાલબત્તી સમાન કિસ્સો બન્યો છે. પ્રિ-વેડિંગ શૂટ માટે આવેલું કપલ તેમના મિત્રો સાથે આદરી ગામના દરિયાકિનારે ગયા હતા. જેમાં પાંચ વ્યક્તિઓ દરિયાકિનારે ઊભા રહીને સેલ્ફી લઈ રહ્યા હતા. આ દરમિયાન અચાનક એક મોટું મોજું આવ્યું. ચાર લોકો એકબીજાના હાથ પકડી લેતા બચવામાં સફળ રહ્યા હતા. જોકે, એક યુવતીને આ જોરદાર મોજું સમુદ્રમાં ખેંચી ગયું હતું. શુક્રવારનો શનિવાર થઈ ગયો છતાં પણ યુવતીની ભાળ મળી નથી. મરિન પોલીસ, સ્થાનિક ખારવા સાથે અન્ય ટીમો આ યુવતીને શોધી રહી છે પરંતુ તેની ૧૮ કલાક બાદ પણ કોઈ ભાળ મળી નથી. આ ગંભીર ઘટના બાદ પરિવાર સહિત આખા પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે.વેરાવળના આદરી ગામના દરિયાકિનારે પ્રિ-વેડિંગ ફોટોશૂટ માટે કપલ તેમના મિત્રો સાથે ગયા હતા. દરિયા કિનારા પાસે સેલ્ફી લઈ રહ્યા હતા અને ત્યારે જ દરિયાનું મોટું મોજું આવતા પાંચમાંથી ચાર લોકોએ પોતાના જીવ બચાવી લીધા હતા. જ્યારે સેલ્ફી લેવાના ચક્કરમાં યુવતી દરિયામાં તણાઈ ગઈ હતી.યુવતી સાથે અન્ય ૪ લોકો હતા તેમનો આબાદ બચાવ થયો છે, દરિયાનું મોજું આવતા જે ૪ લોકો હતા તેમણે એકબીજાના હાથ પકડીને સુરક્ષિત રહ્યા હતા પરંતુ જે અન્ય યુવતી હતી તે એક જ ક્ષણમાં દરિયામાં ખેંચાઈ ગઈ હતી. દરિયામાં ખેંચાઈ ગયેલી યુવતી વેરાવળના રામપરા ગામની હોવાની વિગતો મળી રહી છે.માંગરોળ તાલુકાના ઢોલાણા ગામના યુવકનાં છાત્રોડા ગામની યુવતી સાથે લગ્ન થવાના હતા. નવાપરા રહેતી યુવતી તેની માસીઆઈ બહેન હતી જેથી તે પણ પ્રિ-વેડિંગ શૂટિંગ માટે આવી હતી, જે તણાઈ ગઈ હતી. જોકે, અન્ય ચાર લોકો પોતાનો જીવ બચાવવામાં સફળ રહ્યા છે.






## તંત્રી લેખ...

# જવાબદાર કોણ કોણ છે

દુર્ઘટનાઓથી બોધપાઠ નહી લેવાની ટેવ આખરે અમારી કેમ છુટતી નથી તે પ્રશ્ન વારવાર જ્યારે કોઇ ઘટના બને છે ત્યારે સાબિત થઇ જાય છે. ધાર્મિક સ્થળો પર ઘટના બનતી રહે છે. છતાં તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. અકસ્માતો થયા બાદ જ પગલા લેવામાં આવે છે. ફરી એની એજ સ્થિતી ઉભી થઇ જાય છે. વળતર આપવા માટેની જવાબદારી અદા કરીને તમામ કામ કરી દેવામાં આવે છે. કોઇ પઁણ ઘટના બને ત્યારે તમામ પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવે છે. મૃતકોના પરિવારના સભ્યોને વળતર આપવામાં આવે છે. દુર્ઘટનમાં તપાસના આદેશ જારી કરવામાં આવે છે. શોક સંવેદના વ્યક્ત કરવામાં આવે છે. નેતાઓની મુલાકાત થાય છે. દરેક ઘટના બાદ દોહરાવવામાં આવતી પટકથા ફરી દોહરાવવામાં આવી છે. જે કઇ પણ બન્યુ તે જોઇને લાગતુ નથી કે ગરીબ માનવીની કોઇ કિંમત રહી ગઇ છે. હાલમાં અમરનાથમાં પણ આવી જ ઘટના બની હતી. જેમાં અનેક લોકોના મોત થયા હતા. અમરનાથ યાત્રા દર વર્ષે યોજાય છે. અહીં રૂટ પર કોઇ ઘટના ચોક્કસપણે બને છે જેથી યાત્રા રૂટને હજુ વધારે સરળ બનાવી દઇને આવી ઘટનાથી બચી શકાય છે. ભેખડો ધસી પડવા અને વરસાદથી સામાન્ય લોકોને બચાવી શકાય છે. વર્ષો પહેલા જોધપુરમાં મહેરાનગઢમાં ધાર્મિક આયોજન કરવામાં આવ્યુ હતુ. એ વખતે એકાએક મચી ગયેલી ભાગદોડની ઘટનામાં ૨૦૦થી વધારે લોકોના મોત થઇ ગયા હતા. ત્યારબાદ આ ઘટનામાં તપાસ કરવામાં આવી હતી. તપાસ વર્ષો સુધી ચાલી હતી. આખરે આ ભાગદોડની ઘટના બની કેમ તે અંગે વર્ષોની તપાસ બાદ પણ કોઇ વિગત સપાટી પર આવી ન હતી. મહેરાનગઢ જ કેમ ? ૨૦૦૮માં હિમાચલપ્રદેશમાં નૈના દેવી મંદિરમાં પણ ભાગદોડની મોટી ઘટના બની ગઇ હતી. જેમાં ૧૪૪ લોકોના મોત થઇ ગયા હતા. શુ આવી ઘટનાઓને રોકવા માટે પુરતી વ્યવસ્થા કરવી જોઇએ નહીં. જે આયોજનમાં સેંકડો લોકો પહોંચે છે તે આયોજનમાં તમામ જરૂરી સુરક્ષા પાસા પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. જો કે કમનસીબ રીતે આ બાબતો તરફ સંબંધિત વહીવટી તંત્ર દ્વારા ધ્યાન આપવામાં આવતુ નથી. સુરક્ષા પાસામાં બાંધછોડ કરીને મંજુરી કેમ આપવામાં આવે છે તે પ્રશ્ન તમામને સતાવે છે. પ્રશ્ન ગંભીર છે પરંતુ તેની ગંભીરતાને સમજી શકે તેવા લોકો દેખાતા નથી. દુર્ઘટનાઓ બાદ વર્ષો સુધી તપાસ ચાલે છે પરંતુ કોઇની જવાબદારી નક્કી કરવામાં આવતી નથી. મૃતકોના પરિવારના સભ્યો વર્ષો સુધી ન્યાય મેળવી લેવાની આશામાં જુબાની આપતા રહે છે. પુરાવા એકત્રિત કરતા રહે છે. સરકારોના કામ લાગે છે કે હવે માત્ર અનુદાન આપવા અને બેરોજગારી ભથ્થા આપવા સુધી મર્યાદિત રહી ગયા છે. ખેડુતોની લોન માફીના નામ પર વોટ મેળવી લેવા અને રાજકીય ઉથલપાથલને જ નેતાઓ સરકાર તરીકે ગણે છે. સરકારી તંત્ર જ આવુ બની ગયુ છે જેમાં તમામ બાબતો રામ ભરોસે ચાલતી નજરે પડે છે. પાંચ લાખ રૂપિયાનુ વળતર ચુકવી કોઇ પરિવારના ચહેરા પર ખુશી લાવી શકાય નહી. જસોલમાં બનેલી ઘટનામાં તપાસનો આદેશ કરીને રસમ તો પૂર્ણ થઇ ગઇ છે પરંતુ દુર્ઘટના માટે જવાબદાર લોકોને પણ કોઇ દિવસે સજા થઇ શકશે કે કેમ તે પ્રશ્ન તમામને સતાવે છે.

# પ્રી મેચ્યોર શિશુની સારી જાળવણી

હાલમાં જ જારી કરવામાં આવેલા એક આંકડામાં દાવો કરવામાં આવ્યો છે કે દર વર્ષે દેશમાં આશરે ૭.૫ લાખ નવજાત શિશુના મોત થઇ જાય છે. આમાંથી આશરે ૩૫ ટકા શિશુના મોત સમય કરતા પહેલા જન્મ અથવા તો જન્મના સમય ઓચા વજનના કારણે જ થઇ જાય છે. મોટા ભાગના મામલામાં પ્રી-મેચ્યોર ડિલીવરીના કારણે નવજાત શિશુમાં મૃત્યુ દરનો આંકડો વધી જાય છે. આ સમસ્યાનો ઉકેલ લાવવા માટે કંગારુ મધર પ્રક્રિયા હાલમાં લોકપ્રિય થઇ રહી છે. ધીમે ધીમે આ પ્રક્રિયાની બોલબાલા વધવાની સાથે સાથે તેની લોકપ્રિયતા વધી છે. જાણકાર તબીબો કહે છે કે કોઇ પણ શિશુના પ્રી મેચ્યોર ડિલિવરી થાય છે તો કંગારુ મધર કેર હેઠળ માતા અને શિશુ વચ્ચે માત્ર સ્કીનનો સંપર્ક રાખવામાં આવે છે. કંગારુ મધર કેર પ્રક્રિયા શુ છે તે અંગે વાત કરવામાં આવે તો સ્થિતી વધારે સ્પષ્ટ થઇ જાય છે. આ પ્રક્રિયા હેઠળ એક ખાસ પ્રકારની સ્થિતી નિર્માણ પામે છે. જ્યારે કોઇ શિશુની પ્રી મેચ્યોર ડિલીવરી થાય છે ત્યારે કંગારુ મધર કેર હેઠળ ખાસ સંપર્ક રાખવામાં આવે છે. સ્કીન સંપર્ક રાખવામાં આવે છે. આ ગાળા દરમિયાન શિશુને ડાયપર અને ટોપી તેમજ મોજા પહેરાવવામાં આવે છે. સાથે સાથે મહિલાને આગળતી ખુલ્લા ગાઉન પહેરાવીને તેમની છાતી પર શિશુને સુવડાવી દેવામાં આવે છે. હાઇપોથર્મિયાથી બચવા માટે માતાના ગાઉનમાં બાળકોને ઢાકી દેવામાં આવે છે. શરૂઆતમાં ઓછામાં ઓછા એક કલાક સુધી આ પ્રયોગ કરવામાં આવે છે. ધીમે ધીમે તેનો સમય ગાળો વધારી દેવામાં આવે છે. આ જ પોઝિશનમાં માતા પોતાના શિશુને સ્તનપાન પણ કરાવી શકે છે. જેથી શિશુનો યોગ્ય વિકાસ થઇ શકે છે. આ ટેકનોલોજી નવજાત શિશુ માટે વધારે સારા વિકાસ માટેનો માર્ગ મોકળો કરે છે. આના કારણે માતા અને શિશુ બંનેને ફાયદો થાય છે. આ વિધીથી સ્કીનનો સંપર્ક શિશુને શાંત રહેવા અને શિશુને સંભાળવા માટે માતાના આત્મવિશ્વાસમાં વધારો કરે છે. એક અભ્યાસમાં દાવો કરવામાં આવી ચુક્યો છે કે જે માતા દ્વારા થોડાક સમય માટે પણ શિશુની સાથે કંગારુ મધર કેરની પ્રક્રિયા અપનાવી છે તેમના બાળકોને સારી ઉંઘ આવે છે. સાથે સાથે માતાને પણ ટેન્શન જેવી તકલીફ હોતી નથી. સમય કરતા પહેલા જન્મ લઇ ચુકેલા શિશુના ફેફસા યોગ્ય રીતે વિકસિત થતા નથી. પરંતુ આ પ્રક્રિયા મારફતે તેમનામાં ઓક્સિજન સંચાર થાય છે. નિષ્ણાંતોની વાત માનવામાં આવે તો આ પ્રક્રિયા ધીમે ધીમે અડધા કલાકની અંદર શિશુના તાપમાનમાં સુધારો લાવે છે. આ એક નેચરલ ઇનક્યુટરની જેમ કામ કરે છે. આના કારણે માતાના હાર્મોન સક્રિય રહે છે. જેના કારણે દુધ આપુર્તિમાં વધારો થાય છે. સ્કીનથી સ્કીન સંપર્ક માતાને પણ રિલેક્સ અનુભવ કરાવે છે. સાથે સાથે લાંબા સમય બાદ ડિપ્રેશનની શંકાને પણ દુર કરે છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઇ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે. પુખ્ત વયના લોકો દ્વારા ઉપયોગ કરવામાં આવતાં કેટલાંક બાળકોનાં મોત થાય છે. યોગ્ય માર્ગદર્શન નહીં મળવાથી અથવા તો આડેધડ દવાનો ઉપયોગ કરવાથી બાળકોનાં મોત થાય છે. શિશુ સામે કામ કરતાં બેક્ટેરિયાને અમે મજબૂત બનાવી દઈએ છીએ. નવજાત શિશુમાં રોગપ્રતિકારક શક્તિ ખૂબ ઓછી રહે છે. આવા બાળકોને સંભાળની જરૂર પડે છે. એન્ટીબાયોટિક રજીસ્ટન્સ અથવા તો એબીઆર સામે લડવા ઉપયોગી એન્ટીબાયોટિકનો ઉપયોગ વધે તે અતિ જરૂરી છે. ભારતમાં નવજાત શિશુ અને બાળકને જન્મ આપનાર માતાનો દર ઉંચો છે. વિશ્વનાં અન્ય દેશોની સરખામણીએ ભારતમાં આ દર વધુ છે. બાળકનાં જન્મ વેળા ભારતમાં મોટી સંખ્યામાં મહિલાનાં મોત થાય છે અને આના માટે મુખ્ય કારણ બેદરકારી છે.



### લોકો-કંપનીઓને હેકિંગથી બચાવવા ઇચ્છુક લોકો આગળ વધી શકે...

**મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવુતિને જ હેકિંગ કહેવામાં આવે છે આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઇબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે**

# એથિકલ હેકિંગમાં શાનદાર કેરિયર છે

**વર્તમાન દોરમાં ઇન્ટરનેટની મદદથી કેટલાક લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે : પ્રોફેશનલ એથિકલ હેકર બની શકાય છે**

વર્તમાન દોરમાં ઈન્ટરનેટની મદદથી કેટલાક વિશ્વાસઘાતી લોકો નાણાંકીય ગેરરિતી આચરવામાં લાગેલા છે. તેમનાથી સાવધાન રહેવાની જરૂર છે. જો તમે લોકો અને કંપનીઓને હેકિગથી બચાવવા માટે ઈચ્છુક છો તો તમે પ્રોફેશનલ એથિકલ હેકર બની શકો છો. હાલના સમયમાં દુનિયાના દેશો અને ભારતમાં પણ બેંકોમાં ગ્રાહકોના ખાતામાંથી ગેરકાનુની રીતે લેવડદેવડની સાથે ક્રેડિટ કાર્ડ, ડેબિટ કાર્ડ, તેમજ એટીએમ કાર્ડને હેક કરવાની ઘટનાઓ રોકેટ ગતિથી વધી રહી છે. ઈન્ટરનેટના માધ્યમથી આ પ્રકારની ગેરકાયદે છેચરપિંડી વધી રહી છે. સાથે સાથે મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટા ચોરી કરી લેવાની ઘટનાઓ પણ વધી રહી છે. મહત્વપૂર્ણ અને સંવેદનશીલ ડેટાની ચોરી કરવાની ગેરકાનુની પ્રવૃતિને જ હેકિંગ કહેવામાં આવે છે. આવી અપરાધિક ઘટનાને અંજામ આપવા માટે સાઈબર ક્રિમિનલ્સને હેકર્સ તરીકે ગણવામાં આવે છે. ખોટા અને ગેરકાનુની ગતિવિધીમાં સંડોવાયેલા હેકર્સની સાથે સાથે એથિકલ હેકર્સ પણ હોય છે. જે કંપનીઓની સિસ્ટમને સુરક્ષિત રાખવા માટે કેટલાક તોર તરીકા અંગે માહિતી ધરાવે છે. તેમના સંવેદનશીલ ડેટાને જાળવી રાખવામાં તેમની ભૂમિકા રહેલી હોય છે. સોફ્ટવેયર એક કોમ્પ્યુટરના બ્રેન તરીકે હોય છે. આ કોઈ



પણ કોમ્પ્યુટરના તમામ ફંક્શનને ઓપરેટ કરે છે. સોફ્ટવેર્સ ફ્રી પણ હોય છે. સાથે સાથે ડ્યુટી સાથે પણ આવે છે. હવે તો કેટલાક સોફ્ટવેરને ઈન્ટરનેટ મારફતે કોમ્પ્યુટર પર ડાઉનલોડ કરીને ઈન્સ્ટોલ કરવામાં આવી શકે છે. માનવની જેમ જ કોમ્પ્યુટરની પણ એક ખાસ ભાષા હોય છે. જેને તે સમજી શકે છે. કોમ્પ્યુટરની ભાષા બાઈનરી સિસ્ટમ પર આધારિત હોય છે. જે હેઠળ તે માત્ર માત્ર જીરો અને એકના નંબરમાં લખેલી ભાષાને જ સમજે છે. સી, સી પ્લસ પ્લસ, જાવા,, એસક્યુએલ, રબી, જાવા સ્ક્રિપ્ટ, પીએચપી પાઈથન, સી શાર્પ જેવા શબ્દો પ્રોગ્રામિંગ લેંગવેજ છે. હેકિંગ વેબસાઈટસમાં અભ્યાસ કરવામાં આવે છે. હેકિંગ સાથે જોડાયેલી વેબસાઈટ્સ પર વિશાલ પ્રમાણમાં હેકિંગ આર્ટસ અને ટ્રિક્સ પર મહત્વપૂર્ણ ટિપ્સ હોય છે. આ સામગ્રીમાં અભ્યાસ કરીને હેકિંગના સંબંધમાં વધારે માહિતી મેળવી શકાય છે. ટોપ લેવલની હેકિંગ વેબસાઈટ્સમાં હેક અ, ડે, હેક ઈનધ બોક્સ, અમેઝિગ હેકિગં ટ્રિક્સ ડોટ કોમ, હેક દિસ સાઈટ, હાર્ડ ટુ હેક ડોટ ઈન જેવા નામ લઈ શકાય છે. નેટવર્કિંગમાં હાર્ડવેયર અને સોફ્ટવેરના કોમ્બિનેશન હોય છે. નેટવર્કિંગના કામ કરવાની ટેકનિકથી લઈને તેના ટુલ્સના સંબંધમાં પરફેક્ટ માહિતી હોવી જોઈએ. નેટવર્કિંગના બેસિક્સના સંબંધમાં અપડેટ રહેવાની જરૂર હોય છે. આઈપી એડ્રેસ, પોર્ટ, પ્રોટોકોલ જેવા નેટવર્કિંગ ટુલ્સના સંબંધમાં પણ અભ્યાસ કરવાની જરૂર હોય છે.

એક પ્રોફેશનલ હેકરને સોફ્ટવેરના જ્ઞાનની સાથે સાથે સોફ્ટવેર ક્રિએશનની માહિતી હોય તે પણ ખુબ જરૂરી છે. આ તમામ માહિતી ખુબ ઝીણવટભરી રીતે હોવી જોઈએ. સોફ્ટવેર ક્રિએટ કરનાર એક્સપર્ટને પ્રોગ્રામર અથવા તો કોડર કહેવામાં આવે છે. વેબ ડિઝાઈનિંગના આર્ટના જ્ઞાનને પણ હેકિંગના એક મહત્વપૂર્ણ ટુલ્સ તરીકે ગણવામાં આવે છે. જેથી આને પણ ક્યારેય નજરઅંદાજ કરવાના પ્રયાસ કરવા જોઈએ નહીં. એક એથિકલ હેકરને કોમ્પ્યુટરમાં હાર્ડવેયર બેઝિક્સના રૂપમાં ટ્રાન્જિસ્ટર્સ, મધરબોર્ડ, પ્રોસેસર્સ, હાર્ડવેયર, સોફ્ટવેર, રેમ મેમોરી કેપિસીટી, પ્રોગ્રામિંગ, ઓપરેટિંગ સિસ્ટમ, નેટવર્ક, કોમ્પ્યુટર ડિસ્ક સ્ટોરેજ, ઈનપુટ-આઉટપુટની માહિતી પણ પુરતા પ્રમાણમાં રહે તે જરૂરી છે. ઓપરેટિંગ સિસ્ટમની માહિતી હોવી પણ સૌથી ઉપયોગી બાબત છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનામાં કાલી લિક્સ એડવાન્સ્ડ છે. જેનો ઉપયોગ હેકર વધારે પ્રમાણમાં કરે છે. ઓપરેટિંગ સિસ્ટમના લેટેસ્ટ વર્જનમાં ઉબન્તુ, મેક ઓએસ, ફેડોરા, સેન્ટ ઓએસના નામ હોય છે. એથિકલ હેકર્સ બનવાની બાબત સરળ નથી. હેકિંગ જેવા સંવેદનશીલ બિઝનેસમાં આપને માનસિક રીતે ખુબ શાર્પ રહેવાની જરૂર હોય છે. સાથે પેશન્ટ રહેવાની પણ જરૂર હોય છે. આપમાં લોજિસ્ટિક્સ પાવર, ક્રિએટીવિટી તેમજ પ્રોબ્લમ એનાલીસીસ કેપિસીટી ચોક્કસપણે હોવી જોઈએ. જો તમારી ઈચ્છા એતિકલ હેકર્સ બનવાની છે તો જ તેમાં સફળતા હાંસલ કરી શકાય છે. હેકિગંના પ્રોફેશનમાં રસ ધરવનાર વ્યક્તિને લેટેસ્ટ ટેકનોલોજી પર ધ્યાન રાખીને તે અંગે માહિતી હાંસલ કરવી પડશે.



### પોતાની સાથે કઠોરતા અપનાવીને આગળ વધવામાં આવે તે જરૂરી...

**હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઇ બાળક માટે કોઇ નવી ચીજ શિખવા માટેની હોય છે એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઇફમાં સામેલ કરી લઇશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે**

# નક્કર શિસ્ત સફળતા માટે ખુબ જરૂરી

**જો મે જીવનમાં સફળ થવા માંગો છો તોજીવનને સરળ બનાવવાની જરૂર પડશે : સરળતા-સહેજતાથી જ સફળ થઇ શકાય છે**

આધુનિક સમયમાં સફળ થવા માટે તમામ લોકો ૨૪ કલાક સુધી ભાગતા નજેર પડે છે. ગળા કાપ સ્પર્ધાના સમયમાં સફળતા હાંસલ કરવા માટે વ્યક્તિ તમામ પ્રયાસો કરે છે. જાણકાર નિષ્ણાંતો અને મોટી સફળતા હાંસલ કરી ચુકેલા લોકોનુ કહેવુ છે કે સરળતાથી સફળતા સુધી પહોંચી શકાય છે. પરંતુ આના માટે કેટલાક નક્કર પગલા લેવા પડશે. સાથે સાથે શિસ્તની બાબત પણ સૌથી મહત્વપૂર્ણ છે. જો જીવનમાં સફળતા મેળવવા કોઈ વ્યક્તિ ઈચ્છે છે તો તે વ્યક્તિને જીવનને સરળ બનાવી દેવુ પડશે. સરળતા અને સહેજતાથી જીવનમાં સફળ થઈ શકાય છે.

જીવન અમને તમામને આ તક આપે છે કે અમે પોતાને અજમાવીને આગળ વધીએ તથા સફળતા હાંસલ કરીએ. છતાં ખુબ ઓછા એવા લોકો છે જે સફળતા હાંસલ કરી શકે છે. હકીકતમાં જીવનમાં સફળ થવાની બાબત એટલી જ સરળ છે જેટલી કોઈ બાળક માટે કોઈ નવી ચીજ શિખવા માટેની હોય છે. એટલે કે જો અમે કેટલાક જરૂરી અભ્યાસ અને તરીકાને લાઈફમાં સામેલ કરી લઈશુ તો સફળતા ચોક્કસપણે મળી જશે. આના કારણે કોઈ પણ ક્ષેત્રમાં સફળતા હાંસલ કરી શકાય છે. સફળતા અમારી જિન્દગીના મહત્વપૂરણ હિસ્સા તરીકે રહી શકે છે. સરળ રસ્તાથી માત્ર મંજિલ મળી શકે છે પોતાની ઓળખ મળી શકી નથી. જો અમે પોતાને સરળ રસ્તા પર ચાલવાની ટેવ પાડી ચુક્યા છીએ તો આ



બાબત તો નક્કી છે કે સફળતા આડે સૌથી મોટી સમસ્યા અમે પોતે છીએ. આના માટે અમને કેટલાક નિયમો તો ચોક્કસપણે બનાવવા જ પડશે. જેમ કે સવારે વહેલી તકે ઉઠી જવાની બાબત ખુબ જ જરૂરી છે. રોજ શારરિક કસરત અને ધ્યાન કરવાની બાબત પણ જરૂરી બની છે. દરરોજ વાંચન, નક્કી કરવામાં આવેલા કામને નક્કી સમયમાં પૂર્ણ કરવાની ટેવ વિકસિત કરવાની જરૂર છે. સમય મુજબ તમામ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે તે જરૂરી છે. આ તમામ નિયમો દેખાવવામાં નાના લાગે છે પરંતુ મોટા ભાગના લોકો તો આ ટેવને પાડવામાં પણ સફળ રહેતા નથી. જો અમે પોતાને જ ઓળખવા માંગીએ છીએ તો પોતાને નવા નવા પડકારો આપવા પડશે. આવી સ્થિતીમાં જરૂરી કસોટી થઈ શકે છે.જાણકાર લોકો કહે છે કે વિચાર મોટા રાખવામાં આવે અને કામ નાના પાયે કરવામાં આવે તે પણ જરૂરી છે. સતત કામ કરતા રહેવાથી સફળતા મળે છે. કોઈ પણ લક્ષ્યને હાંસલ કરવા માટે આ નિયમ અતિ જરૂરી છે.

